ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

ક્રમાંક/B.K.N.M.U./N.S.S./116/2026 તા. 06/08/2026

**વિષય** – ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી અવોર્ડ માટે નોમીનેશન મોકલવાની મુદ્દત લંબાવવા બાબત.

**સંદર્ભ** – (૧) ઉચ્ચ શિક્ષણ કમીશ્નરશ્રીની કચેરીના તા. ૦૮/૦૭/૨૦૨૬ ના પત્ર ક્રમાંક રસય/રોડ સેફ્ટી એવોર્ડ/૨૦૨૬/૪૫૨૨-૪૯૨૨ મુજબ.

(૨) ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટીના તા. ૩૧/૦૭/૨૦૨૬ ના પત્ર ક્રમાંક GRSA/0100/07/2026 મુજબ.

(૩) ઉચ્ચ શિક્ષણ કમીશ્નરશ્રીની કચેરીના તા. ૦૫/૦૮/૨૦૨૬ ના પત્ર ક્રમાંક રસય/રોડ સેફ્ટી એવોર્ડ/૨૦૨૬/૧૦૩૦૧-૧૦૮૬૧ મુજબ.

## પરિપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યમાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો થાય તે માટે શ્રેષ્ઠ કામગીરી કરનાર વ્યક્તિગત/શૈક્ષણિક સંસ્થાઓને બિરદાવવા અને પ્રોત્સાહન આપવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી અવોર્ડ એનાયત કરવામાં આવી રહ્યા છે. આ એવોર્ડમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન માટે એવોર્ડની પ્રોત્સાહક રકમ અનુક્રમે રૂ. ૩ લાખ, રૂ. ૨ લાખ અને રૂ. ૧ લાખ સ્વરૂપે એનાયત કરવામાં આવી રહી છે.

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી દ્વારા કેલેન્ડર વર્ષ – ૨૦૨૫ (તા. ૦૧/૦૧/૨૦૨૫ થી ૩૧/૧૨/૨૦૨૫) દરમ્યાન વ્યક્તિગત/શૈક્ષણિક સંસ્થાકીય કેટેગરીમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજો, NSS પ્રોગ્રામ ઓફિસર્સ તથા NSS સ્વયંસેવકોની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવવા પ્રોત્સાહન સ્વરૂપે આપવામાં આવતા એવોર્ડ માટે યોગ્ય નોમીનેશન તથા જરૂરી પ્રમાણભૂત આધારો/પુરાવા સ્પાઈરલ બાઇડીંગ સાથે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, એન.એસ.એસ. શાખા, બ્લોક નં. ૧૨/૨, બીજો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે તા. ૨૩/૦૭/૨૦૨૬ ના રોજ સાંજે ૦૬:૦૦ કલાક સુધીમાં **મંગાવવામાં આવેલ હતી**, પરંતુ, ઉચ્ચ શિક્ષણ કમીશ્નરશ્રીની કચેરી દ્વારા **મુદ્દત લંબાવીને તા. ૨૫/૦૮/૨૦૨૬ના રોજ સાંજે ૦૬:૦૦ સુધીમાં** નોમીનેશન મોકલી આપવા જણાવવામાં આવે છે, તથા વધુ વિગત ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટીની વેબસાઈટ પર પણ મુકેલ છે.

પ્રો. કો- ઓર્ડીનેટર,
એન.એસ.એસ. વિભાગ
BKNMU – જુનાગઢ

**બિડાણ –**

- સંદર્ભ દર્શિત પત્રની નકલ

**નકલ રવાના જાણ અર્થે : -**

- રાજ્ય એન.એસ.એસ. અધિકારીશ્રી,ગાંધીનગર તરફ
- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ તરફ
- માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી તરફ

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh - 362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || nss@bknmu.edu.in

**ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી**
**એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,**
**ગાંધીનગર, ગુજરાત રાજ્ય.**

જા.ક્ર. :- રસય/રોડ સેફટી એવોર્ડ/૨૦૨૬/ ૨૦૩૦૨-૨૦૮૬૨ તા.૦૫/૦૮/૨૦૨૬

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટીઓ,
આચાર્યશ્રી, તમામ કોલેજો,
ગુજરાત રાજ્ય.

વિષય: ગુજરાત રોડ સેફટી એવોર્ડ માટે નોમીનેશન મોકલવા બાબત.

સંદર્ભ: (૧) ગુજરાત રોડ સેફટી ઓથોરીટીનો તા.૩૧/૦૭/૨૦૨૬નો પત્ર ક્ર.GRSA/0100/07/2026

(૨) અત્રેની કચેરીનો તા.૦૮/૦૭/૨૦૨૬નો પત્ર ક્ર.રસય/રોડ સેફટી એવોર્ડ/૨૦૨૬/૪૫૨૨-૪૯૨૨

શ્રીમાન/શ્રીમતી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્યમાં માર્ગ અકસ્માતમાં ઘટાડો થાય તે સારું શ્રેષ્ઠ કામગીરી કરનાર વ્યક્તિગત/સંસ્થાકીય પ્રતિભાને બિરદાવવા અને પ્રોત્સાહન આપવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્ટેટ રોડ સેફટી એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

આ એવોર્ડમાં પ્રથમ, દ્વીતીય તથા તૃતીય સ્થાન માટે એવોર્ડની પ્રોત્સાહક રકમ અનુક્રમે રૂ.૩ લાખ, રૂ.૨ લાખ અને રૂ.૧ લાખ એનાયત કરવામાં આવે છે.

ગુજરાત રોડ સેફટી ઓથોરીટી દ્વારા કેલેન્ડર વર્ષ-૨૦૨૫ (તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫) દરમિયાન વ્યક્તિગત/સંસ્થાકીય કેટેગરીમાં કરેલ ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવવા અને પ્રોત્સાહન આપવા સારું આપવામાં આવતા એવોર્ડ માટે યોગ્ય નોમિનેશન તથા **જરૂરી પ્રમાણભૂત આધાર/પુરાવા સ્પાઈરલ બાઈડિંગ સાથે** અત્રેની કચેરી ખાતે તા.૨૩/૦૭/૨૦૨૬નાં રોજ સાંજે ૬:૦૦ કલાક સુધીમાં મંગાવવામાં આવેલ હતાં. હવે સંદર્ભ-૧ના પત્રથી ઉક્ત નોમિનેશન મોકલવાની મુદ્દત લંબાવેલ હોવાથી અત્રેની કચેરીએ **તા. ૨૫/૦૮/૨૦૨૬નાં રોજ સાંજે ૬:૦૦ કલાક સુધીમાં** નોમિનેશનની વિગતો ઉપર જણાવ્યા મુજબ મંગાવવામાં આવે છે.

આ એવોર્ડ માટેની વધુ વિગતો તથા અરજી ફોર્મ ગુજરાત રોડ સેફટી ઓથોરીટીની કચેરી, પહેલો માળ, આંકડા ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર ખાતે અવેરનેસ શાખામાંથી કામકાજના દિવસો દરમિયાન અથવા https://gujrosa.gujarat.gov.in વેબ સાઈટ પરથી મેળવી શકાશે. જે વિદિત થવા વિનંતિ છે.

બિડાણ: સંદર્ભદર્શિત પત્રો

નાયબ નિયામક(એન.એસ.એસ.)
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ રવાના જાણ સારૂ:</u>

- સંયુક્ત કમિશ્નરશ્રી, ગુજરાત રોડ સેફટી ઓથોરીટી, પહેલો માળ, આંકડા ભવન, પોલીસ ભવનની બાજુમાં, સેક્ટર-૧૮, ગાંધીનગર- ૩૮૨૦૦૭.

Letter No: GRSA/0100/07/2026 Approved Date: 31-07-2026 12:33

(૨)

# ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી

પહેલો માળ, આંકડા ભવન, પોલીસ ભવનની બાજુમાં,
સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨૦૦૭
E-mail Id: cot-trans-rsa@gujarat.gov.in Phone: 079 23258148

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા., ગાંધીનગર
3 AUG
આવક નં.: 1470/51 460
શાખા :
કલાર્કની સહી :

પ્રતિ,
કમિશનરશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં.૧૨/૨, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય: ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ માટે નોમિનેશન મોકલવા બાબત

સંદર્ભ:

1. બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો ઠરાવ ક્રમાંક: PTD/MSM/e-file/22/2024/0167/KH, તા.૨૯/૦૯/૨૦૨૪.
2. અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક: GRSA/0132/06/2026, તા.૦૬/૦૭/૨૦૨૬.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જયભારત સાથ જણાવવાનું કે, રાજ્યમાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો થાય તે સારું શ્રેષ્ઠ કામગીરી કરનાર વ્યક્તિગત/સંસ્થાકીય (સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ) તેમજ શહેર/જિલ્લા માર્ગ સલામતી સમિતિને બિરદાવવા અને પ્રોત્સાહન આપવાના ઉદાત્ત હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા કેલેન્ડર વર્ષ-૨૦૨૫ (તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫) દરમિયાન માર્ગ સલામતી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વ્યક્તિઓ/સંસ્થાઓને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવાના હેતુથી વ્યક્તિગત/સંસ્થાકીય કેટેગરી હેઠળ ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ માટેના નોમિનેશનો, જરૂરી પ્રમાણભૂત આધાર-પુરાવા સાથે સ્પાયરલ બાઇન્ડિંગમાં અત્રેની કચેરી ખાતે નોમિનેશન સ્વીકારવાની છેલ્લી તારીખ તા.૩૦/૦૭/૨૦૨૬ નક્કી કરવામાં આવી હતી, જેની મુદ્દત લંબાવીને તા.૩૧/૦૮/૨૦૨૬ના રોજ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી કરવામાં આવેલ છે.

આ યોજના અંગે બહોળો પ્રચાર-પ્રસાર થાય તેમજ માર્ગ સલામતી ક્ષેત્રે કાર્યરત વધુમાં વધુ વ્યક્તિઓ અને સંસ્થાઓ આ એવોર્ડ માટે અરજી કરે તે હેતુથી, આપની જાણકારી હેઠળ માર્ગ સલામતી સંબંધિત નોંધપાત્ર કામગીરી કરતી વ્યક્તિઓ અથવા સંસ્થાઓને આ અંગે જાણ કરી, તેઓના નોમિનેશનો જરૂરી આધાર-પુરાવા સાથે અત્રેની કચેરી ખાતે નિયત સમયમર્યાદામાં મોકલી આપવા બાબતે માહિતગાર કરવા વિનંતી છે.

આ એવોર્ડ માટેની વધુ માહિતી તથા અરજી ફોર્મ ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીની કચેરી, પહેલો માળ, આંકડા ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર ખાતે અવેરનેસ શાખામાંથી કામકાજના દિવસો દરમ્યાન અથવા https://gujrosa.gujarat.gov.in વેબસાઈટ પરથી મેળવી શકાશે. જે વિદિત થવા વિનંતી છે.

વનજી
NSS
Jhavel

સંયુક્ત કમિશનર
ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by: Prashant B Manguda
Joint Commissioner
Date: 2026.07.31
12:40:31 +5:30

File No: GRSA/AWD/e-file/362/2026/0109/Awareness
Approved By: Joint Commissioner,Administration,GRSA
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

by mail
૯/૭/૨૬

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

જા.ક્ર.:- રસય/રોડ સેફ્ટી એવોર્ડ/૨૦૨૬/ ૪૫૨૨-૪૯૨૨ તા.૦૮/૦૭/૨૦૨૬

પ્રતિ
રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટીઓ
આચાર્યશ્રી, તમામ કોલેજો
ગુજરાત રાજ્ય.

વિષય: ગુજરાત રોડ સેફ્ટી એવોર્ડ માટે નોમીનેશન મોકલવા બાબત

સંદર્ભ: ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટીનો તા.૦૬/૦૭/૨૦૨૬નો પત્ર ક્ર.GRSA/0132/06/2026

શ્રીમાન/શ્રીમતી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્યમાં માર્ગ અકસ્માતમાં ઘટાડો થાય તે સારું શ્રેષ્ઠ કામગીરી કરનાર વ્યક્તિગત/સંસ્થાકીય પ્રતિભાને બિરદાવવા અને પ્રોત્સાહન આપવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

આ એવોર્ડમાં પ્રથમ, દ્વીતીય તથા તૃતીય સ્થાન માટે એવોર્ડની પ્રોત્સાહક રકમ અનુક્રમે રૂ.૩ લાખ, રૂ.૨ લાખ અને રૂ.૧ લાખ એનાયત કરવામાં આવે છે.

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી દ્વારા કેલેન્ડર વર્ષ-૨૦૨૫ (તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫) દરમિયાન વ્યક્તિગત/સંસ્થાકીય કેટેગરીમાં કરેલ ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવવા અને પ્રોત્સાહન આપવા સારું આપવામાં આવતા એવોર્ડ માટે યોગ્ય નોમિનેશન તથા જરૂરી પ્રમાણભૂત આધાર/પુરાવા સ્પાઇરલ બાઇંડિગ સાથે અત્રેની કચેરી ખાતે તા.૨૩/૦૭/૨૦૨૬નાં રોજ સાંજે ૬:૦૦ કલાક સુધીમાં મંગાવવામાં આવે છે.

વધુ વિગતો ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટીની વેબ સાઇટ પર પણ મૂકેલ છે. જે વિદિત થવા વિનંતિ.

બિડાણ: સંદર્ભદર્શિત પત્ર

નાયબ નિયામક(એન.એસ.એસ.)
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
ગુ.રા.ગાંધીનગર